નવેમ્બર 2, 2023

# સૌ સાથે મળીને મજબૂત ઓન્ટેરિયોનું નિર્માણ કરવું

## *ઓન્ટેરિયોનું ફોલ ઇકોનોમિક સ્ટેટમેન્ટ (પાનખર આર્થિક નિવેદન) સમગ્ર પ્રોવિન્સમાં વિકાસને ટેકો આપે છે*

ટોરોન્ટો — આજરોજ, ફાઇનાન્સ મિનિસ્ટર Peter Bethlenfalvy (પીટર બેથલેનફાલ્વી)એ *2023 ઓન્ટેરિયોનો આર્થિક દૃષ્ટિકોણ અને નાણાકીય સમીક્ષા જાહેર કરી: સૌ સાથે મળીને મજબૂત ઓન્ટેરિયોનું નિર્માણ કરવું* આ અદ્યતન માહિતી વડે સરકારનો જવાબદાર, લક્ષ્યાંકિત અભિગમ ચાલુ રહે છે, જે પ્રવર્તમાન આર્થિક અનિશ્ચિતતાને સંબોધવામાં અને વિકાસશીલ સમુદાયોમાં નિર્ણાયક માળખાગત સગવડોનું નિર્માણ કરવામાં મદદ મેળવવા જરૂરી લચીલાપણું પૂરું પાડતી વખતે ભાવિ પેઢીઓ માટે મજબૂત નાણાકીય પાયો નાખે છે.

ઓન્ટેરિયો નોંધપાત્ર વિકાસ જોઈ રહ્યું છે જેમાં આશરે 500,000 જેટલા વધારે લોકો આ પ્રોવિન્સમાં ગયા વર્ષે આવ્યા હતા અને એકલા 2023 નાં પહેલા નવ મહિનાઓમાં 170,000 ચોખ્ખી નવી નોકરીઓનું સર્જન થયું હતું.

"આપણી વસ્તી વધી રહી છે, નોકરીઓનું સર્જન થઇ રહ્યું છે અને વધારેને વધારે કંપનીઓ ઓન્ટેરિયોને ધંધો કરવાના સ્થળ તરીકે પસંદ કરી રહી છે," મિનિસ્ટર Bethlenfalvy (બેથલેનફાલ્વી)એ જણાવ્યું. "એકરીતે આ સારા સમાચાર છે ત્યારે, આને ભૌગોલિક દૃષ્ટિએ રાજકીય અને આર્થિક અનિશ્ચિતતાના સમયે કબૂલ રાખી શકાય નહીં. આગળના માર્ગ માટેની પસંદગી સ્પષ્ટ છે. આપણે આપણી સરકારના લક્ષ્યાંકિત અભિગમ સાથે જોડાવાનું ચાલુ રાખવું રહ્યું — તેમાં આપણને જરૂરી લચીલાપણું છે ત્યારે સમગ્ર ઓન્ટેરિયોમાં વિકાસશીલ સમુદાયોને ટેકો આપવા નિર્ણાયક માળખાગત સગવડોનું નિર્માણ કરવા રોકાણ ચાલુ રહ્યું છે."

*સૌ સાથે મળીને મજબૂત ઓન્ટેરિયોનું નિર્માણ કરીને*, સરકાર નિર્ણાયક માળખાગત સગવડનું નિર્માણ કરવામાં મદદ મેળવવા નવા સાધનો પ્રસ્તુત કરી રહી છે, રોકાણો આકર્ષવાનું અને વધારે નોકરીઓનું સર્જન કરવાનું, અને લોકો માટે વધારે સારી સેવાઓ પૂરી પાડવાનું ચાલુ રાખી રહી છે.

ઝાંખીઓમાં સામેલ છે:

- જાહેર-ક્ષેત્રની પેન્શન યોજનાઓ અને અન્ય વિશ્વસનીય સંસ્થાકીય રોકાણકારોને સમગ્ર પ્રોવિન્સમાં સહભાગી કરવા વિશાળ સ્તરે માળખાગત પ્રોજેક્ટ્સમાં સહભાગી થવા સક્ષમ બનાવવા ઓન્ટેરિયો ઇન્ફ્રાસ્ટ્રક્ચર બેંક, એક નવી આર્મ્સ-લેન્થ, બોર્ડ-સંચાલિત સંસ્થા શરૂ કરવી. શરૂઆતમાં, પ્રોજેક્ટ્સ લાંબા-ગાળાના સંભાળગૃહો, મ્યુનિસિપલ, સામુદાયિક, ઊર્જા અને પરિવહન ક્ષેત્રોમાં પરવડી શકતી આવાસીય અને માળખાગત સગવડો પર ધ્યાન કેન્દ્રિત કરશે.
- નવા હેતુલક્ષી નિર્મિત ભાડાના આવાસો માટે લાયક બનીને હાર્મોનાઇઝ્ડ સેલ્સ ટેક્સ (HST) નો પૂરા આઠ ટકાનો પ્રોવિન્સનો ભાગ હટાવવા પગલાઓ ભરીને વધારે ભાડાના ઘરોનું નિર્માણ કરવામાં મદદ કરવી. આનાથી બિલ્ડરોને વધારે ભાડાના એકમો બનાવવામાં પ્રોત્સાહન મળશે, અને તે લોકો માટે ઓન્ટેરિયોમાં રહેવાલાયક જગ્યા શોધવા અને તેઓને તે પરવડે તે માટે સરકારની યોજનાનું આ અન્ય એક પગલું છે.
- કુલ $500 મિલિયન માટે, ઇન્વેસ્ટ ઓન્ટેરિયો ફંડમાં વધારાના $100 મિલિયન પૂરા પાડીને, પ્રોવિન્સમાં વધુ અગ્રણી કંપનીઓને આકર્ષવામાં મદદરૂપ થવા, અહીં પહેલેથી ઉપસ્થિત ધંધાઓને વધારે ટેકો આપવા અને સમગ્ર પ્રોવિન્સના સમુદાયોમાં સારો પગાર આપતી નોકરીઓ ઊભી કરવા સરકારની રોકાણ આકર્ષતી સંસ્થા ઇન્વેસ્ટ ઓન્ટેરિયોને સક્ષમ બનાવશે.
- નિર્ણાયક ખનીજ શોધખોળને ઉત્તેજન આપવા અને નાની શોધખોળ કરતી કંપનીઓ માટે મૂડીની પહોંચ સુધારવામાં મદદરૂપ થવા શેર ટેક્સ ક્રેડિટ પાત્રતા મારફતે ઓન્ટેરિયો કેન્દ્રિત પ્રવાહ સુધારવાની દરખાસ્ત કરે છે. જો મંજૂરી મળે તો, ફેરફાર 2023 કર વર્ષથી શરૂ થશે અને ઓન્ટેરિયોના નિર્ણાયક ખનીજ ખાણ ઉદ્યોગને ટેક્સ ક્રેડિટ સપોર્ટમાં વર્ષ દીઠ $12 મિલિયનનો ઉમેરો થશે.

- હાલની ગેસ અને ઈંધણ કર કપાતો જૂન 30, 2024 સુધી લંબાવવી — દરખાસ્ત હેઠળના આ ફેરફારથી, પહેલેથી અમલી દર કપાતોની સાથે, કપાતો પહેલી વાર જુલાઈ 2022 માં અમલી બની ત્યારથી કુટુંબોના સરેરાશ $260 બચશે.
- 40 થી 49 વર્ષની મહિલાઓને ઓન્ટેરિયો સ્તન તપાસ કાર્યક્રમ મારફતે મેમોગ્રામ કરાવવા સ્વ-ભલામણની છૂટ આપીને, તેઓ માટે સ્તન કેન્સર તપાસની પહોંચ લંબાવવી. પાનખર 2024 માં શરૂ થતા, આ ઉપાયો 305,000 થી વધારે લોકો માટે પહોંચ વધારશે.

"આગળનો માર્ગ સરળ રહેવાનો નથી, પરંતુ ઓન્ટેરિયોના લોકો સાથે મળીને શું કરી શકે છે તે આપણે જોયું છે," મિનિસ્ટર Bethlenfalvy (બેથલેનફાલ્વી)એ કહ્યું. "સાથે મળીને, આપણે આજના પડકારનો સામનો કરીને મજબૂત ઓન્ટેરિયોનું નિર્માણ કરી શકીએ છીએ."

## *હકીકતો પર ઝડપી નજર*

- સરકારે અદ્યતન આર્થિક અને આવક માહિતી અને નજીકના સમયના જોખમો ઘટાડવા ઉચ્ચ આકસ્મિક ખર્ચાઓના આધારે 2023-24 માં $5.6 બિલિયનની ખાધનો અંદાજ મૂક્યો છે.
- વચગાળાના સમયમાં, ઓન્ટેરિયોની ખાધ 2025–26 સુધીમાં દૂર કરવા સરકાર જવાબદાર અભિગમ અપનાવી રહી છે. ખાધ $5.3 બિલિયન સુધી 2024–25 માં રહે, અને ત્યાર પછી 2025-26 માં $0.5 બિલિયન ફાજલ રહે તેવું પૂર્વાનુમાન રાખવામાં આવ્યું છે.

## વધારાના સંસાધનો

- ***2023 ઓન્ટેરિયો આર્થિક દૃષ્ટિકોણ અને નાણાકીય સમીક્ષા: સૌ સાથે મળીને ઓન્ટેરિયોને મજબૂત બનાવવું***
- વાંચો ***પશ્ચાદભૂ:આર્થિક અને નાણાકીય સમીક્ષા***
- વાંચો ***પશ્ચાદભૂ: ઓન્ટેરિયો ઇન્ફ્રાસ્ટ્રક્ચર બેંક શરૂ કરવી***
- ઝાંખીઓ વાંચો, ***સૌ સાથે મળીને ઓન્ટેરિયોને મજબૂત બનાવવા માટે***
- વાંચો, ***ઓન્ટેરિયોનું 2023 બજેટ:ઓન્ટેરિયોને મજબૂત બનાવવું***
- ઓન્ટેરિયો ઇન્ફ્રાસ્ટ્રક્ચર બેંક

---

**મિડિયા સંપર્કો** (MEDIA CONTACTS)

ontario.ca/finance-news
*Disponible en français*

Emily Hogeveen
મંત્રીનું કાર્યાલય
647-294-6166
Emily.Hogeveen@ontario.ca

Scott Blodgett
સંદેશાવ્યવહાર શાખા
416-728-9791
Scott.Blodgett@ontario.ca